**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સિટી ઓફ બ્રૅમ્પટન ફાયર પ્રિવેન્શન સપ્તાહ ઉજવશે.

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (05 ઑક્ટોબર 2023) - ઑક્ટોબર 7 થી 14, સિટી ઓફ બ્રૅમ્પટન અને બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ the નેશ્નલ ફાયર પ્રોટેક્શન અસોસિએશન® (NFPA®) સાથેના સહયોગ કરશે — જેઓ ફાયર પ્રિવેન્શન સપ્તાહ™ના સત્તાવાર પ્રાયોજક છે તેમાં સમુદાયને ફાયર સલામતી અને સતર્કતા અંગે પ્રશિક્ષિત કરવા માટે ફાયર પ્રિવેન્શન વીકનું આયોજન કરશે.

આ વર્ષની થીમ છે *રસોઈની સલામતી શરૂ થાય છે* ***તમારાથી.*** આગને રોકવા પર ધ્યાન આપો એનબ્રિજ ગેસ દ્વારા પ્રાયોજીત આ અભિયાન બધાને રસોઈ કરતી વખતે પ્રશિક્ષિત કરવા એવા સરળ પરંતુ મહત્ત્વપૂર્ણ પગલા લેવા અંગે જાણકારી આપશે જે તેઓ પોતાની જાતને અને તેમની આસપાસના લોકોને ઘરમાં લાગતી આગ સામે સલામત રહેવામાં મદદરૂપ થશે.

**રસોડામાં સલામત રહેવાના સૂચનો**

- તમે શું તપાવી રહ્યા છો તેના પર નજર રાખો. હંમેશા તમે જે વસ્તુ ગરમ કરી રહ્યા હોવ તેના પર નજીકથી નજર રાખશો. તમે રસોઈ કરી રહ્યા છો તેની યાદ અપાવવા માટે ટાઈમર સેટ કરો.
- તપેલાના હેન્ડલ સ્ટવની પાછળની તરફ રાખવા. રસોઈ કરો ત્યારે હંમેશા ઢાંકણ હાથવગુ રાખવું. જો નાની આગ તેલને કારણે શરૂ થાય તો વાસણ પર ઢાંકણ સરકાવી દેવું અને સ્ટવ બંધ કરવો.
- સ્ટ્વ અથવા ગ્રિલની આસપાસ ઓછામાં ઓછા 3 ફુટ (1 મીટર) અને કોઈપણ એવા સ્થળો પર જ્યા ગરમ ખોરાક કે પીણા બનતા હોય કે લઈ જવાતા હોય તેને "બાળક અથવા પાલતું પ્રાણી મુક્ત વિસ્તાર" ગણવો.
- આગ લાગવાના કિસ્સામાં તરત 9-1-1 ને કૉલ કરો! બહાર નીકળો, બહાર જ રહો!

ફાયર પ્રિવેન્શન સપ્તાહ ઉજવવા માટે બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમેર્જન્સી સર્વિસિસ ફાયર સ્ટેશનો પર ઓપન હાઉસિસનું આયોજન કરશે તેમજ આખા શહેરમાં ફાયર સેફ્ટીના પ્રદર્શનો યોજશે.

**ઈવેન્ટ્સ અને પૉપ-અપ્સ**

**શું છે:** ફાયર સેફ્ટી ડિસ્પ્લે

**તારીખ:** ઓક્ટોબર 7

**સમય:** સવારે 07:30 – બપોરે 2:00

**ક્યાં થશે:** ફાર્મર્સ માર્કેટ, ગેજ પાર્ક

**શું છે:** ફાયર સેફ્ટી ડિસ્પ્લે

**તારીખ:** ઓક્ટોબર 7

**સમય:** સવારે 9:00 - બપોરે 13:00

**ક્યાં થશે:** લોઝ હોમ ઈમ્પ્રૂવમેન્ટ નોર્થ, 10111, હાર્ટ લેક રોડ

**શું છે:** ફાયર સેફ્ટી ડિસ્પ્લે

**તારીખ:** ઓક્ટોબર 7

**સમય:** સવારે 9:00 - બપોરે 13:00

**ક્યાં થશે:** લોઝ હોમ ઈમ્પ્રૂવમેન્ટ સાઉથ, 370, કેનેડી રોડ એસ

**શું છે:** સ્ટેશન 213 ઓપન હાઉસ

**ક્યારે:** ઓક્ટોબર 10

**સમય:** સવારે 3:30 - બપોરે 19:00

**ક્યાં થશે:** સ્ટેશન 213 ઓપન હાઉસ, 4075 એબનએઝર રોડ

**શું છે:** સ્ટેશન 205 ઓપન હાઉસ

**ક્યારે:** ઓક્ટોબર 11

**સમય:** સવારે 3:30 - બપોરે 19:00

ક્યાં થશે: સ્ટેશન 205 ઓપન હાઉસ, 95 સેન્ડલવુડ પાર્કવે

**શું છે:** સ્ટેશન 204 ઓપન હાઉસ

**ક્યારે:** 12 ઑક્ટ્બર 2023

**સમય:** સવારે 3:30 - બપોરે 19:00

**ક્યાં થશે:** સ્ટેશન 204 ઓપન હાઉસ, 657 ક્વિન સ્ટ્રીટ

**શું છે:** ફ઼ાયર સેફ્ટી ડિસ્પ્લે

**ક્યારે:** 14 ઑક્ટ્બર 2023

**સમય:** સવારે 10:00 - બપોરે 14:00

**ક્યાં થશે:** બ્રામલિ સિટી સેંટર, લોઅર લેવલ ઓલ્ડ નેવીની પાસે

ફ઼ાયર પ્રિવેન્શન વીક અને રસોઈની સલામતી વિશે વધુ સામાન્ય માહિતી માટે અહીં મુલાકાત લો www.bramptonfire.com અને www.fpw.org. બાળકો માટે આગની સલામતી વિષયક ગમ્મત માટે અહીં મુલાકાત લો, sparky.org.

**સુવાક્યો**

"આ વર્ષની ફ઼ાયર પ્રિવેન્શન વીકની થીમ એવી છે જે આપણે સહુ માટે મહત્ત્વપૂર્ણ સ્મૃતિપત્રક બની જાય છે કે કેવી રીતે રસોઇ કરતી વખતે સલામત રહેવું. અકસ્માતો એટલા ઝડપથી થઈ જાય છે કે રસોડામાં સતર્ક રહેવું અને સલામત રહેવું અતિશય મહત્ત્વનું છે. હું

રહેવાસીઓને બહાર પડીને બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ અને આગ સામેની સલામતી વિશે વધુ જાણકારી આપણા સમુદાયમાં ઓક્ટોબર 7 થી 14ના રોજ થનાર ઈવેન્ટ્સ પૈકી એકમાંથી મેળવો જે ફાયર પ્રિવેન્શન વીકના ઉપક્રમે યોજાશે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આગ સામેની સલામતી અતિશય મહત્ત્વનો વિષય છે ને રહેવાસીઓ તેમના ઘરોમાં સલમાત રહે તે અતિમહત્ત્વપૂર્ણ છે. ફાયર પ્રિવેન્શન વીકમાં હું તમામ રહેવાસીઓને તે સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરું છું કે તેઓ શક્ય હોય એટલા આગ સામે સુરક્ષિત રહે. તેમજ તે સુનિશ્ચિત કરે કે ઘરના બધા સભ્યોને રસોડાના નિયમો વિશે જાણકારી હોય જેથી જીવ બચાવી શકાય. સમુદાયમાં થનારા ઈવેન્ટ્સમાં હું રહેવાસીઓને ભાગ લેતા જોવા ઉત્સુક છું જ્યાં સમુદાયને સલામત રાખવા માટે બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસનો તેમના જબરદસ્ત કાર્ય માટે આભાર માની શકાય.

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટનના પ્રમુખ*

"ફાયર પ્રિવેન્શન વીક તે લોકોને તે સુનિશ્ચિત કરવા માટેનો ઉત્કૃષ્ટ સમય છે કે પોતાના ઘરોને આગ સામે સુરક્ષિત બનાવી શકાય અને તેમની પાસેમાં પલાયન થવાની યોજના તૈયાર હોય. રસોડાની આગ ઘરોમાં લાગતી આગનું મુખ્ય કારણ હોય છે અને તે અતિશય ઝડપથી ફેલાય છે. રસોડામાં રસોઇ કરતી વખતે થોડાક નિયમોનું પાલન કરવાથી રહેવાસીઓ પોતાને અને પોતાના આપ્તજનોને સલામત રાખી શકે છે."

- *એન્ડ્રયુ વોન હોલ્ટ, એક્ટિંગ ફાયર ચીફ, બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમેર્જન્સી સર્વિસિસ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 વ્યવસાયો છે**. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca